**કાન્તિ ભટ્ટ**

## કાળઝાળ ગરમી માટે ખરેખર કોણ જવાબદાર ? આપણે જ !

આજકાલ ભારતનાં મોટાં શહેરો અને ખાસ તો મુંબઇ, અમદાવાદ, વડોદરાના ગુજરાતીઓ સૂર્યની ગરમી અને બફારા તેમ જ કાળઝાળ આગનવર્ષાથી ત્રાહિમામ્ પોકારે છે. આવી ગરમી આજકાલની નથી. માત્ર માનવીની સહનશક્તિ ઓછી થઇ છે. કુવૈતના આરબો ૧૨૦ ડિગ્રી ફેરનહિટની ગરમી સહન કરે છે. આપણે એટલા બધા સુંવાળા થઇ ગયા છીએ અને એરકંડિશન્ડ વાતાવરણના જૂઠા ઘરાક બન્યા છીએ કે જે ગરમી કુદરતની માયા છે તેને સહન કરી શકતા નથી. છેક ૧૮૪૦માં બ્રિટિશ ધર્મગુરુ સિડની સ્મિથે લંડનનો ઉનાળો સહન ન થવાથી કહેલું, ‘અરે કેવી ગરમી છે ! મેં તમામ કપડાં ઉતારી નાખ્યાં તોય સખત બફારો થાય છે ! હવે મને થાય છે કે હું મારી તમામ ચામડી અને માંસ ઉતરડી લઇને મારાં હાડકાંના માળખામાં બેસી રહું.’ અરે પાદરી સાહેબ, ગરમી કાંઇ ચામડીને લાગતી નથી. માંસને લાગતી નથી. બધું ઉતરડી નાખો તો પણ કહેશો કે હાડકાં ગરમી સહન કરી શકતા નથી. ગરમી કે ઠંડી કે વર્ષા એ માત્ર મનની વાત છે. એ ત્રણ હવામાનના ફેરફારોને તમે અનુકૂળ રીતે પોઝિટિવલી લો અને એની મજા લો. વરિયાળી-ખસખસનું શરબત પીઓ. ઊણું પેટ રાખીને ખાઓ. અમેરિકન રાજકારણી-વિજ્ઞાની બેન્જામિન ફ્રેંકલિને કહેલું, ‘ સમ આર વેધરવાઇઝ એન્ડ સમ આર અધરવાઇઝ.’ અર્થાત્ કેટલાક લોકો હવામાનને વખોડતા નથી પણ અમુક લોકો એને વખોડ્યા જ કરે છે. ખરાબ હવામાન જેવું કંઇ નથી, માત્ર જુદી જુદી જાતનાં વેધર હોય છે. એ ખરું કે જગતભરમાં ગરમી વધી રહી છે અને તે ગરમી વધારવા માટે આપણે-માનવો જવાબદાર છીએ. ઉપરાંત કોઇ પણ અણધાર્યા હવામાનના ફેરફારને સ્પોર્ટ્સમેન સ્પિરિટથી લઇ શકતા નથી. ૨૦૦૭માં અમે ટૂરિસ્ટ તરીકે થાઇલેન્ડમાં હતા ત્યારે સખત બફારા પછી વરસાદ તૂટી પડ્યો. જે ગુજરાતીઓ બફારાને ગાળો દેતા હતા તે હવે વરસાદ ક્યારે અટકશે તેની રાહ જોતા હતા. ત્યારે માર્ક ટ્વેનનો ટુચકો મને યાદ આવ્યો. એક રવિવારે એક લેખકે માર્ક ટ્વેનને પૂછ્યું, ‘આપણે દેવળમાં પ્રાર્થના કરતા હતા ત્યારે તડકો હતો. હવે ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. એ અટકશે ?’ ત્યારે માર્ક ટ્વેને કહેલું કે ‘યસ, ઇટ ઓલવેયઝ સ્ટોપ્સ.’ અર્થાત્ વરસાદ હંમેશા અટક્યો છે. સખત ગરમીનો પણ અંત હોય જ છે.

આપણે આપણી જવબદારી સ્વીકારીએ તો પણ ઘણું છે. ગ્લોબલ પોલ્યુશન અર્થાત્ વૈશ્વિક બગાડ અને અતિ ગરમી કે ટાઢથી બે લાખ મરણો દર વર્ષે થાય છે. અને તે પોલ્યુશન જગતભરમાં મોટરો કરે છે. મુંબઇમાં જો વધુ પડતો બફારો હોય તો ઠેર ઠેર રિક્ષા, નાની સસ્તી કારો, ટુરિસ્ટ બસો કે ખટારાના પોલ્યુશન થકી ગરમી વધી છે.

‘ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ એન્ડ કલાયમેન્ટ ચેન્જનો અહેવાલ(૨૦૦૫) કહે છે કે છેલ્લા ૧૦૦ વર્ષોમાં પૃથ્વીની સરેરાશ ગરમી ૦.૧૮ ડિગ્રી સેન્ટિગ્રેડ વધી છે. આને કારણે સમુદ્રના લેવલમાં વધારો થયો છે. સમુદ્રનાં મોજાં વધુ ઊછળે છે. હવામાનના બગાડ થકી ખેતીવાડીના પાક ઉપર અસર થઇ છે. નદીઓ સુકાઇ ગઇ છે. બરફના ડુંગરા અને એવરેસ્ટ પર્વતની ટોચ પણ ઓગળી રહી છે. કેટલાક જીવો નાશ પામ્યા છે. દરિયાનું લેવલ વધે અને બરફના ડુંગરા ઓગળે એટલે નદીઓમાં પૂર, અતિવર્ષા અગર દુષ્કાળ વગેરે કુદરતી સંકટો આવી પડે છે. મલેરિયા અને ફલુ વગેરે તાવના વાયરા થાય છે.

આજે મુંબઇ- અમદાવાદમાં તમે સખત અગ્નિવર્ષાથી ત્રસ્ત થયા છો ત્યારે બોલી નાખો છો કે અરે બફારાનો ભયંકર ત્રાસ છે. સાચું છે. વધારે સાચું છે. સર ડેવિડ કિંગ નામના બ્રિટિશ સરકારના સલાહકારે કહેલું કે કલાઇમેટ ચેન્જ વોઝ એ હાયર થ્રેટ ધેન ઇન્ટરનેશનલ ટેરરિઝમ ! કેટલું બધું સાચું છે. ત્રાસવાદી ત્રાટકે તો ૧ ટકા કે ૦.૦૦૧ ટકાને અસર થાય પણ સખત ગરમી કે ટાઢ તમને-મને-બધાને એટલે કે ૧૦૦ ટકાને અસર કરે. એટલે હવામાનનો પ્રતિકૂળ ફેરફાર વધુ જાલિમ ત્રાસવાદી છે.

પણ એ ત્રાસવાદીની યાદીમાં આપણું સૌનું નામ પણ શામિલ છે. સર ડેવિડ કિંગને પૂછવામાં આવ્યું કે ગ્લોબલ વોર્મિંગ અર્થાત્ જગતભરમાં આ ગરમી કેમ વધી રહી છે ? લંડન વગેરે શહેરોમાં હવે ઉનાળો કેમ લંબાય છે ? ઠંડી કેમ ઓછી થાય છે ? ભારતનાં શહેરોમાં કેમ કાળઝાળ ગરમી છે ? તો સર ડેવિડે કહ્યું કે તેનો વિગતે જવાબ આપું:

(૧)માત્ર બ્રિટન કે ભારત નહીં, જગતભરમાં ગરમી વધી રહી છે. અને હજુ વધશે.(૨) આ ગરમી ગ્રીનહાઉસ ગૅસ થકી થાય છે-જેને ગ્રીનહાઉસ ઇફેક્ટ કહે છે.(૩) આ ગ્રીનહાઉસ ગૅસ માનવસર્જિત છે. એટલે ગ્રીનહાઉસ ગૅસ ઓછા કરવા જોઇએ. અર્થાત્ આજે ઉપભોગ વધી રહ્યા છે. બહુમાળી મકાનોમાં ૩૨-૩૨માળે લિફ્ટ વપરાય છે. વધુ ને વધુ લોકો વિમાનમાં સફર કરે છે. અમુક લોકોને હેલિકોપ્ટર વિના ચાલતું નથી.

વાચક પૂછશે કે ગ્રીનહાઉસ ઇફેક્ટથી ગરમી વધે છે તેવું સતત વાંચીએ છીએ પણ એ કઇ બલા છે. ગ્રીનહાઉસ ઇફેક્ટ એટલે પૃથ્વીમાં થતો હવામાનના સિદ્ધાંત પ્રમાણેનો ફેરફાર. સૂર્યનાં કિરણોની ગરમી પૃથ્વી ઉપર પહોંચતી આવી છે. સૈકાઓથી પહોંચે છે, પણ પોતાની જ કુદરતી ગોઠવણ પ્રમાણે એ સૂર્યકિરણોને રોકવાની કુદરતની વ્યવસ્થા છે, પણ માનવીએ એમાં ઘાલમેલ કરી છે. માનવીએ મોટરકારો, વિમાનો, ઉદ્યોગનાં કારખાનાં વગેરે થકી જગતમાં કાર્બન ડાયોકસાઇડ વધાર્યો છે. મિથેન ગૅસ વધાર્યો છે. આ મિથેન ગૅસ પણ કઇ બલા છે. મિથેન ગૅસ રંગ વગરનો ઝેરી અસર કરનારો વાયુ છે. તેલના કૂવા ખોદાય કે કોલસાની ખાણો ખોદાય ત્યારે એ પેદા થાય છે. ડિટ્ટૌ, તેલ બાળવાથી કે કોલસા બાળવાથી પેદાથાય છે.

બેંગકોક, સિંગાપોર કે કુઆલાલંપુર અને ખાસ તો મુંબઇના એરપોર્ટો ઉપર મુંબઇના ભૂલેશ્વરની શાક માર્કેટ જેવી ઇન્ટરનેશનલ ઉતારુની ભીડ હોય છે. ગુજરાતીઓ પાસે પૈસા છલકે છે. વિમાનની સફર વધી છે. ‘ધ ન્યૂ સ્ટેટસમેન’માં ડૉ. માર્ક લિનાસ નામના પર્યાવરણવાદી તદ્દન નવી વાત કહે છે તે સાંભળવા જેવી છે. તે વાંચીને શું તમે તમારો વિમાન પ્રવાસ ઓછો કરવાના છો ? હરગિજ નહીં. ઊલટાનો પ્રવાસ વધારશો. ડૉ. માર્ક લિનાસ કહે છે કે ‘પોલ્યુશન માટે અગર ગ્રીનહાઉસ ઇફેક્ટ ટાળવા માટે તમે તમામ ફેક્ટરી બંધ કરી દો, તમામ મોટરકારને તાળાં મારી દો, તમામ વીજળીનાં દીવા બાળી દો તો પણ ગ્લોબલ વોર્મિંગ અર્થાત્ જગતભરમાં હાયવોય કરવાની ગરમી છે તે ઓછી થવાની નથી. માત્ર દરેક જણ ‘નો-ફલાઇંગ’-વિમાનમાં નહીં સફર કરું તેવી પ્રતિજ્ઞા લે તો જ કંઇક વળે.’

ડૉ. માર્ક લિનાસ લખે છે કે ‘એવિયેશન આજે સૌથી વધુ ગ્રીનહાઉસ ગૅસ પેદા કરે છે.’ જગતભરમાં ૮૦ લાખ ટન કાર્બન ડાયોકસાઇડ દર વર્ષે વિમાનો પેદા કરે છે. એનો વધવાનો દર ૧૨ ટકા છે. એમ કહેવાય છે કે વધુ પડતા ઉપભોગ થકી હવામાં બગાડ થાય છે અને તમામ ખોરાકમાં રાસાયણિક બગાડો થાય છે તેને કારણે કૅન્સરના કોષો વધે છે. આજે એવિયેશન કડાકે ને ભડાકે વધે છે. ૨૦૨૦ની સાલ સુધીમાં ઉડ્ડયનો થકી જે કાર્બન ડાયોકસાઇડ નીકળે છે તે બમણો થઇ જશે અને એ જબ્બર હવામાન બગાડનારો ટેરરિસ્ટ ઉદ્યોગ બનશે. એ ઉડ્ડયનોમાંથી નીકળતો ગૅસ જ ઊંચા ઊંચા બરફના પર્વતોને ઓગાળશે, તેના થકી રણપ્રદેશ આગળ વધશે. તેના થકી દરિયાની સપાટી ઊંચી જશે. આખા પર્યાવરણની પત્તર ખંડાઇ જશે.

આજે જેમ નવા નવા રસ્તા બંધાય છે તેમ તેમ તેને ભરપૂર કરવા ટ્રાફિક વધતો જાય છે તે રીતે જ વિમાનની સફર વધે છે. નવા એરપોર્ટ બંધાય છે. વાહનોની મુસાફરી વધે છે. લોકો તેને અનુરૂપ લાઇફસ્ટાઇલ બદલે છે. ધનિક લોકોની સંખ્યા વધે છે. મુસાફરી વધી છે. લાખ વાતનાં ગાડાં ભરાય પણ ટૂંકી વાત એ છે કે આપણી સમૃદ્ધિ જ આપણે માટે તકલીફ પેદા કરે છે.